દાહોદના જાલત ખાતે આવેલ રિસોર્ટમાં રાત્રિના સમયે બનેલી ઘટના

મધ્યપ્રદેશના સોની પરિવારની દીકરીના લગ્નના રિસેપ્શન બાદ ગાડીમાં મુકેલ રૂપિયા 2.95 લાખની મતા ભરેલો થેલો ચોરાયો

થેલામાં આશરે ૨૫૦ વજનના ગ્રામ સોનાના દાગીના, ચાંદીના દાગીના, ૭૫ હજારની રોકડ તથા રૂપિયા ભરેલ કવરો હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.14

મધ્યપ્રદેશના દેવાસ જિલ્લાના દેવાસ તાલુકાના હાટ પીપલીયા ગામના નરસિંહ બજારમાં રહેતા પર વર્ષીય પ્રકાશભાઈ રામેશ્વરલાલ સોનીની દીકરી મિતાલી બેન સોની નો લગ્નના રિસેપ્શનનો કાર્યક્રમ દાહોદ તાલુકાના જાલત ગામે આવેલ અવંતિકા રિસોર્ટ ખાતે રાખવામાં આવ્યો હતો રાત્રિના સાડા નવથી પોણા દસેક વાગ્યે રિસેપ્શનનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પ્રીતિબેન સોનીએ પહેરેલ દાગીના શરીરેથી ઉતારી થેલામાં મૂકી તથા રોકડા રૂપિયા તેમજ આવેલ ચાંદલા ના રૂપિયા ભરેલ કવરો થેલામાં મૂકી તે થેલો રિસોર્ટમાં પાર્ક કરેલ તેઓની એમપી ૦૯ ડીએચ-૦૪૧૮ નંબરની વોક્સ વેગેન ફોરવીલ ગાડીમાં મૂક્યો હતો. જે થેલામાં સોનાની બોર નંગ-૧, સોનાની નથણી નંગ-૧, સોનાની કુસ્સી નંગ-૧, સોનાનો કંદોરો નંગ-૧, સોનાનું લોકીટ નંગ-૧, હાલના ભાવ પ્રમાણે ૪૦ લાખનું સોનુ થાય. દાહોદના જાલત ખાતે આવેલ અવંતિકા રિસોર્ટમાં મધ્યપ્રદેશના દેવાસના સોની પરિવારની દીકરીના લગ્નના રિસેપ્શનના કાર્યક્રમ બાદ રિસોર્ટમાં પાર્ક કરેલ સોની પરિવારની વોક્સ વેગેન ફોરવીલ ગાડી માં મુકેલ સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી પોલીસ ચોપડે ની નોંધ મુજબ રૂપિયા ૨,૯૫,૦૦૦/-ની મત્તા ભરેલ થેલો કોઈ અજાણ્યો ચોર ચોરીને લઈ ગયો હતો. હાલ સોના-ચાંદીના ભાવ આસમાને છે ત્યારે આ ચોરીની ઘટનામાં આશરે ૨૫૦ ગ્રામ કુલ વજનના સોનાના વિવિધ દાગીનાઓ ચોરાયા હોવાની ફરિયાદ છે ત્યારે સોનાના હાલના ભાવ પ્રમાણે ગણીએ તો માત્ર સોનાના દાગીનાની કિંમત જ આખરે ૪૦ લાખ રૂપિયા જેટલી થાય છે. જ્યારે રોકડ તથા ચાંદીના તેમજ કવરોમાં મુકેલ રોકડ વગેરે મળી ગણીએ તો કુલ આશરે ૪૦ થી ૪૨ લાખ જેટલી મત્તા ચોરાઈ હોવાનું મનાઈ રહ્યું છે. જ્યારે પોલીસ જુના દાગીનાના જુના ભાવ પ્રમાણે તેની જગ્યાએ જુના ભાવ ગણવામાં આવ્યા છે જીતેન્દ્રભાઈના પરિવારમાં ગમગીની છવાઈ હતી આ સંબંધે મધ્યપ્રદેશના દેવાસ જિલ્લાના હાટ પીપલીયા ગામના નરસિંહ બજારમાં રહેતા પર વર્ષીય પ્રકાશમાઈ રામેશ્વરલાલ સોનીએ કતવારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા અથવા પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૩૦૩(૨) મુજબ ચોરીનો નો નોંધી આગળ ની કાર્યવાહી હાથ ધરી છે.

ભોજ ગામમાં પત્નિને ખોટુ લાગતા ઝેરી પાવડર પી લીધો

પાદરાઃ વડુ પોલીસ સ્ટેશનમાં બનેલા બનાવની વિગત પ્રમાણે ભોજ ગામ, હરણમાળ, મસીનવગો, વિસ્તારમાં બનાવ બન્યો હતો. આ અંગે જાણ ભોગ બનનાર નીતાબેન કમલકુમાર રાજેશભાઈ પઢીયાર (ઉ.વ. 24, ધંધો - ઘરકામ), રહે. ભોજગામ, હરણમાળ, મસીનવગો, તા. પાદરા, જી. વડોદરા છે. પ્રાથમિક વિગતો મુજબ પતિ કમલકુમાર તેમને મિત્રના લગ્ન પ્રસંગે સાથે ન લઈ જતા આ બાબતને લઈ ખોટું લાગી આવતા ગુસ્સા અને આવેશમાં આવી નીતાબેને ઘરમાં પડેલ અનાજમાં નાખવાના પાઉડરનો દ્રાવક બનાવી એક ઘુંટ પી લીધો હતો. બનાવ બાદ તેમને તાત્કાલિક સારવાર માટે મહુવડ ખાતે આવેલ સહયોગ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેઓ આઈ.સી.યુ. વોર્ડમાં દાખલ છે. હાલ તેઓ સારવાર હેઠળ હોવાનું જાણવા મળે છે પોલીસ દ્વારા બનાવ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ધોળા દિવસે મહિલાના કાનમાંથી સોનાની બુટ્ટી કાઢીને બાઈક પર બેસીને ગઠીયા રવાના

છોટાઉદેપુર કસ્બા વિસ્તારમાં મહિલાના કાનમાંથી ધોળે દિવસે બુટ્ટી શેરવી ગાંઠિયા ફરાર

મહિલા ભંગારની દુકાનમાં સુતી હતી અને ઘટના બની

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.14

છોટાઉદેપુર નગરમાં આવેલા કસ્બા ચાર રસ્તા વિસ્તારમાં ધોળે દિવસે મહિલાના કાન માં પહેરેલી બુટ્ટી ખેંચી ગઠિયા ઓ ભાગી ગયા હતા. બનાવ ની વિગત એમ છે કે છોટાઉદેપુર નગરમાં આવેલા કસ્બા ચાર રસ્તા વિસ્તારમાં ભંગાર ની દુકાને સૂતેલી મહિલાની દુકાન પર અચાનક બે વ્યક્તિ જેમાં એક બાઈક ઉપર બેઠી હતી.જ્યારે બીજી વ્યક્તિ ભાવ પૂછવા દુકાનમાં ગયો અને દુકાનમાં સૂતેલી મહિલાને સલામ કરી અને મહિલાને પૂછવામાં આવ્યો ભાવ કે ભંગાર શુ ભાવે લો છો? સૂતેલી મહિલા બાનુંબીબી મહંમદ યુસુફ મકરાણી નામની દુકાનદાર મહિલા વાત કરે એ પહેલા તો ગઠીયા બુટ્ટી કાનમાંથી ખૂંચવીને ધોળા દિવસે બાઈક ઉપર બેસી રવાના થઈ ગયો હતો. ધોળે દિવસે ચોરી ની આ ઘટનાથી નગરમાં ભારે ચકચાર મચી ગઈ હતી. જ્યારે પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી અને આગળની તપાસ હાથ ધરી હતી તથા સી સી ટી વી કેમેરા માં આ અજાણી વ્યક્તિઓને ઓળખવા તથા પકડવાની ગતિવિધિ ચાલુ કરી છે.

NDPSમાં ગોવિંદ સોમાણીની ડિસ્ચાર્જ અરજી નામંજુર, ટ્રાયલ આગળ વધશે

ગુનાની ગંભીરતા અને જાહેર હિતને ધ્યાનમાં રાખી ડિસ્ચાર્જ અરજી નામંજુર કરવી જરૂરી : કોર્ટ

(પ્રતિનિધિ) વડોદરા તા.14

એનડિપીએસ કેસ નં. 06/2018માં મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. વડોદરા સ્થિત સ્પેશિયલ એનડિપીએસ કોર્ટ અને છઠ્ઠા એડિશનલ સેશન્સ જજ પ્રશાંત નરેન્દ્રકુમાર રાવલે આરોપી ગોવિંદ ગેંદાલાલ સોમાણી દ્વારા કરવામાં આવેલી ડિસ્ચાર્જ અરજી નામંજુર કરી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે આરોપી સામે ટ્રાયલ ચલાવવા પૂરતા પ્રાથમિક પુરાવા ઉપલબ્ધ છે અને આ તબક્કે આરોપમાંથી મુક્ત કરવાનો પ્રશ્ન ઊભો થતો નથી .

કેસ મુજબ, વર્ષ 2006માં ગોરવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા નાર્કોટિક્સ કેસમાં શરૂઆતમાં પ્રકાશ પિલ્લાઈ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ત્યારબાદ તપાસ દરમિયાન સમગ્ર પ્રકરણમાં ષડયંત્ર રચી ખોટી રીતે એનડિપીએસનો મુદ્દામાલ પ્લાન્ટ કરાયો હોવાના આક્ષેપો સામે આવ્યા. આ મામલે સીઆઈડી ક્રાઈમ દ્વારા તપાસ કરવામાં આવી અને આરોપી ગોવિંદ સોમાણી તથા અન્ય સહઆરોપીઓની સંડોવણી હોવાના પુરાવા સામે આવ્યા.

કોર્ટએ પોતાના હુકમમાં નોંધ્યું છે કે આરોપી સામે માત્ર શંકા નહીં પરંતુ સાક્ષીઓના નિવેદનો, કોલ ડીટેઈલ્સ, નાણાંકીય વ્યવહારો અને સાંયોગિક પુરાવાઓ ઉપલબ્ધ છે, જે ટ્રાયલ માટે પૂરતા છે. ડિસ્ચાર્જ અરજીના તબક્કે બચાવ પક્ષના દસ્તાવેજોનું મૂલ્યાંકન કરવું યોગ્ય નથી અને કેસના ગુણદોષનો નિર્ણય ટ્રાયલ દરમિયાન થશે, એવું કોર્ટએ સ્પષ્ટ કર્યું.

આ સાથે કોર્ટએ જણાવ્યું કે ગુનાની ગંભીરતા અને જાહેર હિતને ધ્યાનમાં રાખી ડિસ્ચાર્જ અરજી નામંજુર કરવી જરૂરી છે. હવે આ કેસમાં આરોપી સામે નિયમિત ટ્રાયલ આગળ વધશે.

બ્રાઇટ સ્કૂલ-GSEB યુનિટ, હરણી દ્વારા આયોજિત

"યુગયાત્રા" ભારતની સમયયાત્રા શીર્ષક વાર્ષિકોત્સવ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.14

બ્રાઇટ સ્કૂલ - GSEB યુનિટ, હરણી દ્વારા શૈક્ષણિક વર્ષ 2025-26 માટેનો વાર્ષિકોત્સવ "યુગયાત્રા - ભારતની સમયયાત્રા" શીર્ષક હેઠળ વડોદરાના પંડિત દિનદયાળ ઉપાધ્યાય નગર ખાતે તા. 13 ફેબ્રુઆરી 2026, શુક્રવારના રોજ ભવ્ય રીતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં શાળાના પ્રેસિડન્ટ શ્રી નિમેષ શાહ, ડિરેક્ટર જૈવલ નિમેષ શાહ તેમજ આચાર્ય ચંચલ ભાગડિયા ઉપસ્થિત રહ્યા હતા. વાર્ષિકોત્સવમાં શાળાના પ્રાથમિક અને માધ્યમિક વિભાગના 700થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. "યુગયાત્રા" થીમ આધારિત આ કાર્યક્રમમાં ભારતના ગૌરવસભર ભૂતકાળ, ગતિશીલ વર્તમાન અને દ્રષ્ટિસંપન્ન ભવિષ્યનું જીવંત પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગથી માંડી આધુનિક યુગ સુધીની ભારતયાત્રા નૃત્ય, નાટ્ય અને સંગીત દ્વારા રજૂ કરવામાં આવી હતી. શાસ્ત્રીય સંગીત, અભિવ્યક્તિપર્ણ નૃત્ય અને શક્તિશાળી નાટ્યમય સંવાદોથી સમગ્ર કાર્યક્રમ ભાવવિભોર બની ગયો હતો. કાર્યક્રમની શરૂઆત બ્રહ્માંડ સર્જન અને ભગવાન શિવના તાંડવથી કરવામાં આવી હતી. ત્યારબાદ વેદોનું શાશ્વત જ્ઞાન, નરસિંહ અવતાર, શ્રી રામ વનવાસ, મહાભારત, વીર અભિમન્યુનું બલિદાન, નારી શક્તિ, નાથિદ ભૂકંપ, છત્રપતિ શિવાજી મહારાજ અને મંગલ પાંડે જેવા ઐતિહાસિક દ્રશ્યો રજૂ કરાયા હતા.

અઝરબૈજાનમાં આણંદના બે યુવાનોના અપહરણમાં મુંબઈથી 3 એજન્ટોની ધરપકડ

(પ્રતિનિધિ) આણંદ, તા.14

આણંદના બે વીઝા વાંછુકોને અમેરિકા મોકલવાની લાલચ આપી અઝરબૈજાનમાં બંધક બનાવી રૂ. 65 લાખની ખંડણી વસૂલવાના હૃદયદ્રાવક કિસ્સામાં આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચે મોટી સફળતા મેળવી છે. પોલીસે મુંબઈના ત્રણ એજન્ટોની ધરપકડ કરી 4 દિવસના રિમાન્ડ મેળવ્યા છે. આ સાથે જ અઝરબૈજાનમાં બંધક બનેલા બંને યુવાનોને ભારત પરત લાવવા માટે એલસીબી દ્વારા વિદેશ મંત્રાલયનો સંપર્ક સાધવામાં આવ્યો છે. વીઝાના નામે રચાયેલી ખતરનાક સાજીશ આણંદ જિલ્લાના વાસદની 32 વર્ષીય યુવતી અને ઝાખરીયાના 22 વર્ષીય યુવકને અમેરિકા મોકલવાનું કહી એજન્ટોએ વિશ્વાસમાં લીધા હતા. તેમને વડોદરાથી દિલ્હી અને ત્યાંથી અઝરબૈજાન ફ્લાઈટમાં મોકલવામાં આવ્યા હતા. અઝરબૈજાનમાં 'વીઝા ઓન અરાઈવલ'ની સુવિધા હોવાથી એજન્ટના સાગરીતો તેમને લેવા આવ્યા હતા અને ત્યાં એક અજાણ્યા રૂમમાં બંનેને બંધક બનાવી તેમનું અપહરણ કરવામાં આવ્યું હતું. પરિવારજનોને કિડની-લીવર કાઢી નાખવાની ધમકી આપી અપહરણકારોએ બંને વીઝા વાંછુકોના હાથ-પગ બાંધી, મોઢામાં ડૂચા લગાવીને તેમના પરિવારજનોને વીડિયો કોલ કર્યો હતો. વીડિયોમાં તેમને ભયંકર ત્રાસ આપતા બતાવી, જો પૈસા નહીં મળે તો કિડની અને લીવર કાઢી નાખવાની ધમકી આપી ૬૫ લાખની ખંડણી માંગી હતી. ગભરાયેલા પરિવારજનોએ આંગડિયા અને ક્રિપ્ટો કરન્સી દ્વારા ૬૫ લાખ રૂપિયા ચૂકવી દીધા હતા. તેમ છતાં, એજન્ટોએ વધુ પૈસા ખંખેરવા માટે બ્લેકમેલિંગ ચાલુ રાખતા મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો.

બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા શિવ આરાધના ભજન કાર્યક્રમનું આયોજન

પ્રતિનિધિ) વડોદરા તા.14

મહાશિવરાત્રીના પાવન અવસર પર બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા 13 ફેબ્રુઆરી 2026ના રોજ મોતી સંખિયાદ સ્કૂલ ખાતે શિવ આરાધના ભજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ભગવાન શિવને સમર્પિત ભજનો અને પ્રાર્થનાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને આધ્યાત્મિક તથા સકારાત્મક વાતાવરણ સર્જાયું. ભજન કાર્યક્રમ બાદ તમામ બાળકોને પ્રસાદ અને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું, જેનાથી ખુશી, સહભાગિતા અને સાથે મળીને ઉજવણી કરવાનો સંદેશ આપવામાં આવ્યો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ બાળકોમાં સાંસ્કૃતિક મૂલ્યો, ભક્તિભાવ અને સકારાત્મકતા વિકસાવવાનો હતો. બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા સમાજ અને બાળકોના સર્વાંગી વિકાસ માટે આવાં સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમો સતત આયોજિત કરવામાં આવે છે.

રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી નાણા અપાશે

ભાયલી-બિલ-ચાપડ-ચાણસદ-ઈટોલા-પોર માર્ગ ફોર લેન બનશે

આગામી સમયમાં પાદરા તાલુકાના આ પાંચ ગામોને રોડ-રસ્તાની સુવિધા મળી રહેશે

(પ્રતિનિધિ) વડોદરા તા.14

ભાયલી, બિલ, ચાપડ, ચાણસદ, ઈટોલા અને પોર ગામોને જોડતો મહત્વપૂર્ણ માર્ગ અંદાજિત રૂ. 13.49 કરોડના ખર્ચે ચાર માર્ગીય નવીન બનાવવામાં આવશે. આ માર્ગના વિકાસ કાર્યનું ખાતમુહૂર્ત પરમ પૂજ્ય નારાયણ ચરણ સ્વામીજી અને પરમ પૂજ્ય હરિપ્રકાશ સ્વામીજીની ગરીમામય ઉપસ્થિતિમાં, ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા અને ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા ના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધાર્મિક વિધિ અને આશીર્વચન બાદ મહાનુભાવોના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ગ્રામજનો, આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ માર્ગ હાલ સંકુચિત અને વ્યસ્ત હોવાથી વાહનચાલકોને અવરજવર દરમિયાન મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. હવે માર્ગ ચાર માર્ગીય અને પહોળો બનવાથી ટ્રાફિક વ્યવસ્થા સુધરશે, અકસ્માતોની શક્યતા ઘટશે અને સ્થાનિક વેપાર-ઉદ્યોગને પણ પ્રોત્સાહન મળશે. સ્થાનિક નાગરિકોમાં વિકાસ કાર્યને લઈ આનંદની લાગણી વ્યકત થઈ હતી અને તેઓએ આશા વ્યક્ત કરી કે કામ ઝડપથી પૂર્ણ થશે જેથી સુવિધામાં નોંધપાત્ર વધારો થશે.

પાદરાના નવાપુરામાં મહાશિવરાત્રીએ 1001 દીવાની મહાઆરતીનું આયોજન

પાદરા : આજે ભગવાન શિવજીના મહાપર્વ એવા મહાશિવરાત્રિની ઠેરઠેર ઉજવણી કરવામાં આવશે જેમાં વહેલી સવારે થી માંડીને મોડી રાત સુધી ચાર પ્રહરની પૂજા અર્ચના કરવામાં આવશે જયારે બીજી તરફ વિવિધ શિવમંદીરોમાં દિવસ દરમિયાન અને રાત્રે ભજન સત્તસંગનુ પણ આયોજન કરવામાં આવશે. જેમાં મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિતે નવાપુરા વિસ્તારમાં ધાર્મિક ઉજવણીને લઈ ઉત્સાહનો માહોલ સર્જાયો છે. હિન્દૂ એકતા સંગઠન દ્વારા આયોજિત 'શિવજીકી સવારી' જ્યારે નવાપુરા વિસ્તાર માંથી પસાર થશે ત્યારે નવાપુરા પરિવાર દ્વારા નવાપુરા હનુમાનજી મંદિર ખાતે ૧૦૦૧ દીવાની ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે વિસ્તારના મિત્રો, વડીલો, માતાઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મહાઆરતીનો આધ્યાત્મિક લાભ લે તે માટે આયોજકો દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ભાદરવાની જી. આર. ભગત હાઈસ્કૂલમાં પ્રથમ વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી

પ્રતિનિધિ) વડોદરા તા.14

શ્રી ભાદરવા કેળવણી મંડળ સંચાલિત જી. આર. ભગત હાઈસ્કૂલ માટે આજનો દિવસ ઐતિહાસિક છે. સંસ્થાના ઈતિહાસમાં પ્રથમવાર આયોજિત આ વાર્ષિકોત્સવ આપણા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની સફળતા અને તેમની કલાને બિરદાવવાનો એક અમૂલ્ય અવસર છે.અમારી શાળા માત્ર અક્ષરજ્ઞાનનું કેન્દ્ર નથી, પરંતુ વિદ્યાર્થીઓના સર્વાંગી વ્યક્તિત્વના ઘડતરનું માધ્યમ છે. અહીં અભ્યાસની સાથે સાથે બાળકોમાં સદાચાર, શિસ્ત અને જીવનમૂલ્યોનું સિંચન કરવામાં આવે છે. આજના સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાની અદભૂત પ્રતિભા દર્શાવીને સૌને મંત્રમુગ્ધ કર્યા છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સંયુક્ત મહેનતને કારણે આજે શાળાનું ગૌરવ વધ્યું છે.આ કાર્યક્રમની સફળતાના શિલ્પી, પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક અને હાઈસ્કૂલ વિભાગના તમામ શિક્ષકોને તેમની મહેનત બદલ અભિનંદન. પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ઉદાર હાથે ફાળો આપનાર તમામ દાતાશ્રીઓનો સંસ્થા ઋણી છે આ સફળ આયોજન બદલ સમગ્ર શાળા પરિવારને ખૂબ ખૂબ શુભેચ્છાઓ!

છાણી વિસ્તારમાં રહેતી પરિણીતાને દહેજ માટે શારીરિક એક માનસિક ત્રાસ

વડોદરા : છાણી વિસ્તારમાં રહેતી પરિણીતાને તેના પતિએ દહેજ માટે શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. ઉપરાંત પરણીતાના મામા સસરાના દીકરાએ તેની સાથે અભદ્ર માંગણી પણ કરી હતી. સસરા અને જેઠ દ્વારા તેમને જાનથી મારી નાખવાની ધમકી આપતા પરિણીતા એ ચાર લોકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ છે. મૂળ ઉત્તર પ્રદેશના અને હાલમાં છાણી વિસ્તારમાં આવેલી માધવ પાર્ક સોસાયટીમાં રહેતા પરિણીતાએ ફરીયાદ નોંધાવી છે કે મારા લગ્ન બ્રિજેશ ભાઈ સાથે થયા હતાં. પરત તેમના પતિ વારંવાર દહેજ માટે હેરાન પરેશાન કરતા હતાં. દરમિયાન ઉત્તર પ્રદેશ થી વડોદરા પ્રસંગમાં આવ્યા હતાં મારી સાથે મારા ભાઈ આવ્યા હોય ત્યારે પતિ એ તું મારા ઘરે તારા ભાઈ ને કેમ લઈ ને આવી તેમ કહી ઝઘડો કરવા લાગ્યો હતો. ત્યારબાદ એક વર્ષ થી પિયરમાં થી કોઈ દહેજ લાવી નથી કહી ઝઘડો કરી શારીરિક માનસિક ત્રાસ આપતો હતો. ઉપરાંત પતિના મામા દીકરા એ મારી સાથે અભદ્ર માંગણી કરી હતી. મારા સસરા તથા જેઠ દ્વારા પણ મને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

પાદરા ખાતે મહાશિવરાત્રી નિમિતે લઘુરૂદ્ર યજ્ઞ અને ભવ્ય શોભાયાત્રાનુ આયોજન

પાદરા શહેર સમસ્ત બ્રાહ્મણ સમાજના સહકારથી આ ધાર્મિક કાર્યક્રમ યોજાશે જેમાં ભક્તોને પધારવા જાહેરા આમંત્રણ પાઠવાયુ છે

(પ્રતિનિધિ) વડોદરા તા.14

પાદરા ખાતે મહાશિવરાત્રી નિમિતે લઘુરૂદ્ર યજ્ઞ અને ભવ્ય શોભાયાત્રાઆયોજન કરવામાં આવ્યુ છે. મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિતે પાદરા શહેરમાં ધાર્મિક ભાવનાનો માહોલ સર્જાયો છે.

જયંતીભાઈ રાજગોર (રસોઈવાડા) ના માતા મઠરાબેન પ્રેમાનંદ રાજગોર પરિવાર દ્વારા તા. 15 ફેબ્રુઆરી 2026, રવિવારના રોજ શ્રી અચલેશ્વર મહાદેવ મંદિર ખાતે સવારે 9:00 થી સાંજે 5:00 વાગ્યા સુધી લઘુરૂદ્ર યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. યજ્ઞ પૂર્ણ થયા બાદ દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ દેવાધિદેવ મહાદેવજીની ભવ્ય શોભાયાત્રા સાંજે 5:00 વાગ્યે ઝંડા બજારથી પ્રસ્થાન કરી નગરના રાજમાર્ગો પર ફરશે. આયોજક પરિવારે તમામ ધર્મપ્રેમી ભક્તોને પરિવાર સહીત ઉપસ્થિત રહી ધર્મલાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું છે. બ્રહ્મ ચોરાસીનું આયોજન મઠરાબેન પ્રેમાનંદ રાજગોર (જયંતીભાઈ રસોઈવાડા) પરિવાર તરફથી તા.16 ફેબ્રુઆરી 2026, સોમવારના રોજ સવારે 11:00 વાગ્યે ઉમિયાવાડીના ઉપરના માળે બ્રહ્મભોજન (ચોરાસી) નું આયોજન કરવામાં આવ્યું છે. તમામ બ્રહ્મ પરિવારને પ્રસાદી ગ્રહણ કરવા માટે ભાવપૂર્વક આમંત્રિત કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમ પાદરા શહેર સમસ્ત બ્રાહ્મણ સમાજના સહકારથી યોજાઈ રહ્યો છે.

દહેજ પ્રથા પર કડક પ્રતિબંધ, લગ્ન ખર્ચ મર્યાદિત રાખવાનો ઠરાવ; સમાજને સમૂહ લગ્ન તરફ વળવા આગ્રહ

ગરબાડા ભીલ સમાજ સંમેલનમાં ભીલ સમાજે અમલમાં મૂક્યું નવું લગ્ન બંધારણ

લોકોએ નવા લગ્ન બંધારણનું સ્વાગત કરી સમાજ સુધારાની દિશામાં આ નિર્ણયને ઐતિહાસિક ગણાવ્યો.

(પ્રતિનિધિ) દાહોદ, તા.14

ગરબાડા હાટ બજાર ખાતે ભીલ સમાજ દ્વારા લગ્ન બંધારણના અમલ માટે ભવ્ય સંમેલન યોજાયું હતું, જેમાં ભીલ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંમેલનમાં સમાજમાં લગ્ન પ્રસંગે ચાલતા કુરિવાજો અને ખોટા ખર્ચાઓ ઘટાડવા અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવાયા હતા. આ સંમેલનમાં દહેજ પ્રથાનો કડક વિરોધ કરી નવા લગ્ન બંધારણને અમલમાં મૂકવામાં આવ્યું હતું. બંધારણ મુજબ વર પક્ષ દ્વારા કન્યા પક્ષને લગ્ન ખર્ચ ન આપવો, અને જો કન્યાનો પિતા આર્થિક રીતે નબળો હોય તો વધુમાં વધુ ૧,૨૧,૦૦૦ સુધી જ સહાય આપવાની જોગવાઈ કરવામાં આવી છે. ઘરેણાંમાં ચાંદીના ૨૫૦ ગ્રામની ઝાંઝરી, મંગળસૂત્ર, સોનાનો નાકનો કાંટો અને કાનની બૂટી સુધી મર્યાદા નક્કી કરવામાં આવી છે. સાથે સાથે સમૂહ લગ્નોને પ્રોત્સાહન આપવા અને અન્ય બિનજરૂરી ખર્ચાઓ સંપૂર્ણ નાબૂદ કરવાની અપીલ કરવામાં આવી. આગેવાનો દ્વારા ચેતવણી આપવામાં આવી કે નવા બંધારણની અવગણના કરી કોઈ વ્યક્તિ દહેજ લેશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય ચંદ્રિકાબેન બારિયા, જિલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન કમલેશભાઈ માવી, તાલુકા પંચાયત પ્રમુખ મયુરભાઈ ભાભોર સહિત તાલુકા તથા જિલ્લા સભ્યો, ગરબાડા અને ધાનપુર વિસ્તારના સરપંચો, સમાજના આગેવાનો, તડવી-પટેલો, સાધુ-સંતો અને મોટી સંખ્યામાં ભીલ સમાજના લોકો હાજર રહ્યા હતા. ઉપસ્થિત લોકોએ નવા લગ્ન બંધારણનું સ્વાગત કરી સમાજ સુધારાની દિશામાં આ નિર્ણયને ઐતિહાસિક ગણાવ્યો.

વડોદરામાં આયુર્વેદ આધારિત ગર્ભસંસ્કાર-બાલસંસ્કાર વિષયક નિઃશુલ્ક સેમિનારનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

આજના આધુનિક અને ઝડપી બદલાતા જીવનમાં આરોગ્ય, માનસિક શાંતિ અને સંસ્કારી પેઢીની રચના માટે આયુર્વેદના સિદ્ધાંતો અત્યંત ઉપયોગી બની રહ્યા છે. આ હેતુસર વડોદરામાં આયુર્વેદ આધારિત "સ્વસ્થ જીવનનું રહસ્ય, ગર્ભસંસ્કાર અને બાલસંસ્કાર" વિષયક એક વિશેષ નિઃશુલ્ક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં શહેરના જાણીતા આયુર્વેદ નિષ્ણાંત, આયુર્વેદ એમ.ડી. ડૉ. વૈદ્ય હાર્દિકચંદ્ર કલાલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. સેમિનારમાં સ્વસ્થ જીવન માટે આહાર, નિંદ્રા અને મનની શાંતિનું મહત્વ, તેમજ સામાન્ય શરદી, ઉધરસ, તાવ, પેટનો દુઃખાવો, ગેસ, એસિડિટી, કબજિયાત, સાંધાના દુઃખાવા, ખંજવાળ અને માથાના દુઃખાવા જેવી સામાન્ય સમસ્યાઓમાં ઘરગથ્થુ ઉપચાર અને જીવનશૈલીમાં ફેરફાર દ્વારા આરોગ્ય કેવી રીતે જાળવી શકાય તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવશે.

સ્થાનિક વન વિભાગને જાણ થતાં જ વનકર્મીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા

દેવગઢ બારીઆમાં કોલેજ પાછળ આવેલા સંપમાં દીપડો ખાબક્યો



(પ્રતિનિધિ) દેવગઢબારીયા, તા.14

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ નગરમાં કોલેજ પાછળ આવેલા એક સંપમાં દીપડો ખાબકવાની ઘટના સામે આવી છે. સ્ટેટ વિસ્તાર નજીક આવેલા સંપમાં દીપડો ખાબકતા નગરમાં અચાનક દહેશત ફેલાઈ ગઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ રાત્રિના સમયે શિકારની શોધમાં આવેલો દીપડો સંપમાં ખાબક્યો હોવાનું અનુમાન છે. દીપડો સંપમાં પડ્યો હોવાની વાત વાયુવેગે સમગ્ર નગરમાં ફેલાતાં મોટી સંખ્યામાં નગરજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ઘટનાને પગલે લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

સ્થાનિક વન વિભાગને જાણ થતાં જ વનકર્મીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા. સુરક્ષાના ભાગરૂપે વન વિભાગ દ્વારા સંપ આસપાસનો વિસ્તાર કાર્ડન કરવામાં આવ્યો હતો અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે તકેદારી રાખવામાં આવી હતી.

વન વિભાગ દ્વારા મોડી રાત્રિના સમયે દીપડાનું રેસ્ક્યુ હાથ ધરવાની તજવીજ શરૂ કરવામાં આવી છે. દીપડાને સલામત રીતે બહાર કાઢી નજીકના જંગલ વિસ્તારમાં છોડવાની કાર્યવાહી કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે. આ ઘટનાથી દેવગઢ બારીઆ નગરમાં